# બાળકો સાથે ક્રિએટિવ બનો

મુકેશભાઈ બી. પરમાર
M.A, M. Ed., GSET

## ૧. પ્રસ્તાવના

વર્તમાન સમયમાં બાળક મોબાઈલનું દિવાનું બની ગયેલ જોવા મળે છે, તેવા સમયે પોતાના બાળકને કેવી રીતે યોગ્ય દિશામાં વાળવું એ પ્રશ્ન મુંઝવે છે. આજનાં સમયે જે બાળકો સાથે જુદી જુદી પ્રવૃતિઓ માતા પિતા અને વડીલો કરતા હતા તેનું સ્થાન અત્યારે મોબાઈલ લઈ લીધેલું જોવા મળે છે એટલા માટે જ તો મોબાઈલ હાથમાં આવતા બાળક રડવાનું બંધ કરી દે છે. વર્તમાન સમયે આજના મોબાઈલ યુગમાં બાળકના વિકાસ માટે આપણે પ્રવૃત્તિશીલ બનવું પડશે. એટલા માટે દિવસમાં એકાદ કલાક કે અઠવાડિયામાં થોડો સમય બાળકોની સાથે બાળક બનીને  પ્રવૃત્તિ કરીએ તો મજા આવશે તે માટે આપણે બાળકો સાથે કેવા કેવા પ્રકારની પ્રવૃત્તિઓ કરી શકીએ તે માટે વિવિધ પ્રવૃત્તિઓ વાત કરીએ.

## ૨. આર્ટ એન્ડ ક્રાફ્ટ ટ્રાય કરો

આજના સમયે બજારમાં  આર્ટ અને ક્રાફ્ટ ખૂબ જ જુદાપણું જોવા મળે છે. બાળકની સાથે પેપર ક્રાફ્ટ ધ્વારા તમે સ્ક્રેપ બુક તૈયાર કરો. જેમાં જન્મ દિવસના, મુસાફરીના વગેરેના ફોટોગ્રાફ કાપીને લગાવો અને સ્મૃતિઓનો ખજાનો તૈયાર કરો બાળક પાસે ફોટોગ્રાફની નીચે એમની ભાષામાં કોટેશન લખાવો બાળક વિચાર કરતુ થશે, સામાજિક બનશે, પોતે કઈક કર્યું છે તે તેનો આનંદ અનુભવશે તે પેપર ક્રાફ્ટમાં કાર્ડ બનાવતા શીખો. બાળકો મિત્રો અને પરિવારનાં સભ્યોને જાતે કાર્ડ બનાવીને આપી શકીએ છે. પેપર ફ્લાવર્સ બનાવીને બાળકોના ટેબલને ડેકોરેટ કરો ક્રાફ્ટ બુક માંથી જુદા - જુદા કેરેટર કાપીને જુદા જુદા નોટમાં લગાવો આવી દરેક પ્રવૃત્તિ બાળક પાસે કરાવો તેના પરિણામે બાળકની સર્જનાત્મકતાનો વિકાસ થશે તે તેના ભવિષ્યના જીવનમાં ઉપયોગી થશે.

## ૩. કલર સાથે પ્રયોગ કરો

આપણે શિક્ષણ મેળવવામાં જેટલું ધ્યાન આપીએ છીએ તેટલું ધ્યાન ડ્રોઈંગ અને કલર પર આપતા નથી. એક એવી હોબી છે એમાં જુદા જુદા અખતરાઓ બાળક સાથે મળીને કરી શકાય છે. સપ્તાહ કે મહિનામાં એકાદ દિવસ બાળક સાથે મળીને રોઈ રેડી પિક્ચસર્ન બાળક સાથે મળીને પેઈન્ટ કરો. રંગો ધ્વારા આપણું મન ફ્રેશ થાય છે. બાળક જ્યારે કંટાળો અનુભવે છે એવું લાગે છે ત્યારે આવી કલર પૂરવાની જુદા જુદા પ્રકારની પ્રવૃત્તિમાં બાળકને લાદવું જોઈએ. બાળકને તેની આસપાસની વસ્તુઓ જેવી કે કાગળ જોઈએ દિવાલ જેવી કોઈ પણ વસ્તુ પર રંગ પુરવાની છૂટ આપવી જોઈએ આવા સમયે બાળકને આનંદની સાથે ઘણી બધી વસ્તુઓ શીખવાની તક મળશે.

## ૪. સંગીત એન્જોય કરો

નાના અને મોટા દરેક વ્યકતિને સંગીત પ્રિય હોય છે. તેથી નાના બાળકો માટે હવે તો મોબાઈલમાં પણ સંગીતના તાલ સાથે મુળાકક્ષરો કે અન્ય શિક્ષણની પ્રાથમિક માહિતી સંગીતના સ્વરૂપે જુદા જુદા પ્રકારની એપ્લીકેશનનો યુ-ટુબ પર જોવા મળે છે તો બાળક પાસે મોબાઈલ હોય ત્યારે આવા પ્રકારની સંગીતની સાથે બાળક શીખે તેવા પ્રકારની શિક્ષણ ઉપયોગી  એપ્લીકેશનનો બાળકને મોબાઇલમાંથી કાઢી આપવી જોઈએ તેના પરિણામે બાળકને મોબાઇલ માંથી કાઢી આપવી જોઈએ તેના પરિણામે બાળક સરળતાથી આનંદ મેળવતા શીખવી શકે હવે તો જુદા જુદા પ્રકારના કેશિયો જે

સંગીત ઉપયોગી વાજિંત્રો પણ આપણે ઓનલાઈન શીખી શકીએ છીએ. આ રીતે બાળક મોબાઈલ રોજ - બરોજ મોબાઈલ હકારત્મક ઉપયોગથી નવું - નવું  શીખી શકે.

### ૫. વેસ્ટમાંથી બેસ્ટ બનાવો

હાલના સમયે ઈન્ટરનેટ પર અસંખ્ય વસ્તુઓ જોવા મળે છે જે વેસ્ટ માંથી બેસ્ટ બનાવવામાં આવી હોય. જેવી કે સ્વીટ બોમ્બ, ટૂથપેસ્ટ બોમ્બ, પ્લાસ્ટિક બોટલ, આઈસક્રીમ સટીક, કાર્ટુન બોક્ષ, કપડાની પીન વગેરે જેવી અવનવી વસ્તુઓ જોવા મળશે. દરેક વસ્તુઓ માટે યુ-ટ્યુબ પર વીડિયો જોવા મળશે સમય, પૈસા અને શક્તિના બેસ્ટ ઉપયોગ માટે બાળકો માટે સરળતાથી આ પ્રવૃત્તિ કરી શકાય.